## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ગુરૂજી, આપણા હોનહાર યુવાનો વિદેશી કંપનીઓનાં ચીફ છે તો એ માટે અમરે ગર્વ લેવો જોઇએ કે શરમ અનુભવવી જોઇએ...!!

# સે-૨૮માં દાગીના ચમકાવવાનું કહી સોનુ કાઢી લેનાર એક શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧

શહેરના સેકટર-૨૮ મયુર એપાર્ટમેન્ટ ખાતે રહેતા વૃધ્ધાની સોનાની બંગડીઓ ચમકાવી આપવાના બહાને ૧૫ ગ્રામ સોનું કાઢી લીધુ હતું. ત્યારે રૂ.૬૦હજારનું સોનુ કાઢી લેનાર એક શખ્સને શંકાસ્પદ હાલતમાં પોલીસે સેકટર-૨૯માંથી દબોચી લઈ ગુનાનો ભેદ ઉકેલી દીધો છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ આજથી પંદર દિવસ પહેલા ગાંધીનગરના સેકટર-૨૮ મયુર એપાર્ટમેન્ટ ખાતે રહેતા ૬૬ વર્ષિય ધર્મિષ્ઠાબેન મનોહરભાઈ ભટ્ટ ઘરની બહાર ઉભા હતા. તે સમયે બે અજાણ્યા શખ્સો તેમની પાસે જઈને કહેવા લાગ્યા કે વિમ કંપનીમાંથી આવ્યા છીએ. વાસણ ધોવાનું લીકવીડ કંપની તરફથી વેચાણ કરીએ છીએ. તે દરમિયાન એક શખ્સે ત્યાં પડેલા વાસણમાં થોડુક લીકવીડ નાખી ડેમો આપ્યો હતો. ત્યારબાદ તાબા-પિતળના વાસણો પણ ચકચકાટ કરી આપ્યા હતા. આ ચકચકાટ વાસણો જોઈ ધર્મિષ્ઠા બેનની આંખમાં પણ ચમક આવી હતી.ત્યારબાદ ગઠીયાએ તેમણે હાથમાં પહેરેલ સોનાની બંગડીઓ પણ વીમ લીકવીડ થી ચમકાવીશ આપીશ તેમ કહ્યું હતું. આ વાસણોની ચમક જોઈ ધર્મિષઠા બેન બંને ગઠીયાઓને રમતમાં આવી ગયા હતા. અઢી તોલા નીસોનાની બંગડીઓ કાઢીને તેને આપી દીધી હતી.જે બંગડીઓ ગઠીયાએ લીલા રંગના પ્લાસ્ટીકના ડબ્બામાં મુકી દીધી હતી. બંગડીઓ ઘસી નાંખી હતી.ત્યારબાદ એક વીમના પાઉચ ઉપર બંગડીઓ મુકી હળદર જેવો પીળો પાઉડર નાંખીને કહેલ કે દશ મીનીટ જેટલુ સુકાવા દેજો પછી તમારી બંગડીઓ પરથી પાવડર કાઢી નાંખજો જેથી બંગડીઓ ચમકશે તેમ કહી બે શખ્સો રવાના થયા હતા. જેથી પોલીસે સેકટર-૨૯ શોંપીગ સેન્ટર વિસ્તારમાંથી ૩ નાની ડોલ, બળેલુ રૂ, હળદર પાઉડરના કેટલાક પાઉચ શંકાસ્પદ હાલતમાં મળ્યા હતા. જેની પુછપરછમાં અમિત ભગવંત મંડલ ભોઈ (રહે. મહેસાણા ટાવર, ચોક પાસે મુળ બિહાર) જણાવ્યું હતુ. જયારે તેના મિત્ર જીતેન્દ્ર મંડલ (રહે. ટાવર ચોક મહેસાણા) સાથે મળીને ઉકત ગુનાને અંજામ આપ્યો હોવાની કબુલાત કરી હતી.



ગાંધીનગર સુંદર છે, હરિયાળુ છે, મનને ગમે તેવુ આહ્લાદક વાતાવરણ છે પરંતુ નગરજનોને વર્ષોથી એક સ્થાયી વોટર બોડી એટલે કે તળાવ કે સરોવરની અપેક્ષા રહી છે. આ અપેક્ષા પુર્ણ કરવા સેક્ટર-૧ માં તળાવ બનાવ્યુ છે પરંતુ તેમાં પુર્ણકક્ષાએ પાણી ભરાય અને આખુ વર્ષ તે ટકી રહે તેવી કોઈ વ્યવસ્થા નથી. આ વર્ષે ચોમાસામાં થોડુ ઘણુ ભરાયેલુ સેક્ટર-૧નું તળાવ હવે ઉનાળો બેસતા સુકાવા લાગ્યુ છે. પાણી ઓછુ થતા તળાવનું તળીયુ દેખાવા લાગ્યુ છે.

# સેકટર-૧૪ ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનમાંથી રૂ.૪.૮૦ લાખની ચોરી

**ઘરમાંથી દોઢ લાખ રોકડા તેમજ રૂ. ૩.૩૦ લાખના દાગીના ચોરી શખ્સો ફરાર, પોલીસ તપાસનો ધમધમાટ**

ગાંધીનગર,તા.૧

શહેરના સેકટર-૧૪ સ્થિત ગુજરાત હાઉસીંગ બોર્ડના બંધ મકાનમાં ચોર શખ્સોએ તરખાટ મચાવી ઘરમાં તિજોરીમાંથી રૂ.૧.૫૦ લાખ રોકડા તેમજ રૂ.૩.૩૦ લાખના સોનાના દાગીના મળી કુલ રૂ.૪.૮૦ લાખની મત્તાની ચોરી થવા પામી છે. સેકટર-૭ પોલીસ મથક વિસ્તારમાં સેકટર-૭ એ માં ચોરીને અંજામ આપ્યા બાદ ગણતરીના દિવસોમાં જ સેકટર-૧૪ માં ચોરી થતા ચકચાર મચી જવા પામી છે. ચોર ટોળકી પોલીસને પડકાર ફેંકતી હોય તેમ લાગી રહ્યું છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૧૪ સરદાર પટેલ હાઉસીંગ બોર્ડના મકાન નં. એમ-૧૨-૧૪૩ ખાતે ૬૩ વર્ષિય ચંદનસિંહ અમરસિંહ મકવાણા પરિવાર સાથે રહે છે.તેમના પરિવારમાં પત્ની અને બે દિકરા છે. જયારે તેમના સાળાનો દિકરો નિલેશ છ માસથી તેમની સાથે રહે છે અને મધુર ડેરી ખાતે રાત્રીના ૧૧ થી સવારના ૭ વાગ્યા સુધી નોકરી જાય છે. નિત્યક્રમ મુજબ ઘર બંધ કરીને નિલેશ નોકરી પર ગયો હતો. ત્યારે આજે સવારે પાડોશી રાજુભાઈનો ફોન આવ્યો હતો કે મકાનના દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં છે.આ સાંભળી કડી તાલુકના ભાલઠી ગામથી પરિવાર સાથે સેકટર-૧૪ મકાન ખાતે આવી પહોચ્યા હતા. ત્યારે ઘરના લોખંડના અને લાકડાના દરવાજાનો નકુચો તેમજ ઈન્ટરલોક તુટેલી હાલતમાં હતા. ઘરની અંદર જઈને તપાસ કરતા બેડરૂમનો દરવાજો ખુલ્લો હતો.જયારે બેડરૂમમાં રહેલી તિજોરીનું લોક તુટેલી હાલતમાં હતું. જયારે ઘરનો તમામ સામાન વેરણ છેરણ પડ્યો હતો. તિજોરીમાં તપાસ કરતા અંદરથી રોકડા દોઢ લાખ રૂપીયા તેમજ રૂ.૩.૩૦ લાખના સોનાના દાગીનામાં એક સોનાનો સેટ અઢી તોલાનો, બે તોલાની સોનાની ચેઈન, એક સોનાની જેન્ટસ લકી આશરે દોઢ તોલાની મળી કુલ રૂ. ૪.૮૦ લાખની મત્તા ચોરી તસ્કરો નાસી ગયા છે. ત્યારે બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

# પી.એસ.આઈ. બનવા યુવકે લેટરમાં છેડછાડ કરતા ફરિયાદ નોંધાઈ

**પાસ થયેલા ઉમેદવારનું નામ કાઢી પોતાનુ નામ ઉમેરી દીધુ.**

ગાંધીનગર, તા.૧

કોઈપણ જાતની લેખિત કે શારીરીક પરિક્ષા વિના એક યુવક કરાઈ એકેડમી ખાતે પીએસઆઈની તાલિમ મેળવી રહ્યો હોવાનો આક્ષેપ યુવા નેતા યુવરાજસિંહ જાડેજાએ કર્યો હતો. યુવરાજસિંહે મિડીયા સમક્ષ કેટલાક પુરાવા રજુ કરતા જ પોલીસે હરકતમાં આવી ગઈ હતી અને ખાનગી તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો. જેમાં ખોટા દસ્તાવેજોના પગલે એક યુવક જાન્યુઆરી માસથી કરાઈ એકેડમી ટ્રેનીંગ લઈ રહ્યો હોવાનું બહાર ધ્યાને આવતા ડભોડા પોલીસ મથકે ગુનો નોંધાયો છે. આ સમગ્ર પ્રકરણ મુદ્દે કરાઈ એકેડમીના નિરૂભા રાણાએ નોંધાવેલી ફરીયાદ મુજબ દર અઠવાડીએ પોલીસ ઈન્સ્પેકટર દરજ્જાના અધિકારીને વીક ઓફિસર તરીકેની ફરજ બજાવવાની હોય છે. જેમાં મુખ્યત્વે તાલિમાર્થીઓની હાજરી,ગેરહાજરી, સીક રજા તેમજ તેમની સુચના માર્ગદર્શન મુજબ નિરાકરણ જેવી કામગીરી કરવાની હોય છે. વધુમાં જણાવતા કહ્યું કે પોલીસ કરાઈ એકેડમી ખાતે હાલ પ્રારંભીક તાલિમ મેળવી રહેલા વિવિધ સંવર્ગના આશરે કુલ માહે ૨-૨૦૨૩ ના પગાર બિલની વિસંગતતા જણાતા વહીવટી વિભાગ દ્વારા ચકાસણી દરમિયાન ધ્યાન પર આવ્યું હતું. તાલિમાર્થી મયુર લાલજીભાઈ તડવીનું નામ ઉર્તીણ થયેલા ઉમેદવારની યાદીમાં નથી. જેથી કરાઈ અકાદમીના કે.જે.પટેલ દ્વારા ગુપ્ત તપાસ હાથ ધરી હતી.જયારે મયુર તડવીની હિલચાલ પર વોચ રાખી સમગ્ર મુળ દસ્તાવેજ પીએસઆઈ ભરતી બોર્ડની કચેરી તેમજ પોલીસ મહાનિર્દેશ ની કચેરી ખાતેથી મેળવી ચકાસણી કરવામાં આવી હતી. જયારે અકાદમીના ઉચ્ચ અધિકારીઓ દ્વારા મયુર તડવીની ખાનગી રાહે તપાસ હાથ ધરી હતી.જયારે મયુર તડવી મેલ હોસ્ટેલ બેરેક નં.૫માં અધિકારીઓ દ્વારા તપાસ કરતા મળી આવ્યો હતો. જયારે તેની પાસેથી એક કાળા કલરની બેગ મળી આવી હતી. તેમાં એક પ્રિન્ટ કરેલ પીએસઆઈ ભરતી બોર્ડનો શારીરીક ક્ષમતા તેમજ માપ કસોટી માટેનો પ્રવેશ પત્ર હતો જેમાં લાલ અક્ષરે ૫૦૦૦ એમટી ફેઈલ લખ્યુ હતું. જેમાં મયુર તડવીનુ નામ દર્શાવ્યુ હતું. આ અંગે મયુર તડવીને પુછતા તેણે જણાવ્યું કે પોતાની પાસે ફેઈલ થયેલાનુ રીઝલ્ટ હતું. જયારે મોબાઈલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને વિશાલસિંહ તેરસિંહ રાઠવાના નામ ઉપર એડીટીંગ કરી પોતાનુ નામ સરનામું ઉમેરી દીધુ હતુ. ખોટા હુમકના રોજ તા.૨૨-૨.૨૩ઉના રોજ કરાઈ પોલીસ અકાદમી ખાતે પાયાની તાલિમ અર્થે પ્રવેશ મેળવ્યો હતો જેથી ડભોડા પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

# સાદરા દવાખાના પાસેથી ચિલોડા પોલીસે દારૂ ભરેલી ઈકો ઝડપી પાડી

**ડ્રાઈવરે રસ્તો જોયો ન હોવાથી બુટલેગર મુકેશ ઠાકોર લેવા માટે આવતા પોલીસના હાથે ઝડપાયો, પોલીસે રૂ.૩.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**

ગાંધીનગર,તા.૧

ગાંધીનગરના સાદરા સરકારી દવાખાના પાસેથી ચિલોડા પોલીસે દારૂ ભરેલી ઈકો કારને ઝડપી પાડી હતી. ઈકોના ચોરખાનામાંથી પોલીસે ૭૮ બોટલ સાથે ધોળાકુવાના બુટલેગર મુકેશ ઠાકોરને પણ ઝડપી પાડ્યો હતો. જયારે બુટલેગર મુકેશ ઠાકોરે રાજસ્થાનથી દારૂ મંગાવ્યો હતો, પરંતુ ઈકોના ચાલકે રસ્તો જોયો ન હોવાથી મુકેશ ઠાકોર લેવા માટે પોલીસના હાથે આવી ગયો હતો. પોલીસે ૭૮ બોટલ દારૂ, બે મોબાઈલ ફોન, તેમજ ઈકો કાર મળીને કુલ રૂ.૩.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પોલીસનો સહેજ પણ ડર રાખ્યા વિના ધોળાકુવાનો બુટલેગર મુકેશ ઠાકોર



બેખૌફ વિદેશી દારૂનો વેપાર કરતો હોવાનો પુરાવો સામે આવ્યો છે. ચિલોડા પોલીસ મથકના પીઆઈ એ.એ.અસારીના માર્ગદર્શન હેઠળ જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન બાતમી મળી હતી કે સફેદ કલરની ઈકો ગાડી નં. જી.જે. ०૬. એચ. એલ.-૩૮૫૬ માં ચોરખાનામાં વિદેશી દારૂનો જથ્થો ભરી માધવગઢ થી સાદરા ગામના અંદરના માર્ગેથી ગાંધીનગર તરફ જવાની છે. જેથી પોલીસે બાતમીને પગલે સાદરા સરકારી દવાખાના પાસે થોડા થોડા અંતરે વોચ ગોઠવી દીધી હતી. બાતમીવાળી કાર આડશ કરી રોકી દેવાઈ હતી. પોલીસે ચાલકની પુછપરછ કરતા તેણે પોતાનુ નામ નિર્ભય સિંહ ભવાનસિંહ રાજપુત (રહે.બસ્સી ગામ સામચોટ ફળીયુ થાના સલુમ્બર જી ઉદેપુર રાજસ્થાન) હોવાનું કહ્યુંહતુ. પોલીસે ઈકોમાં તપાસ કરતા સીટ નીચે ચોરખાનામાંથી દારૂની ૭૮ બોટલ મળી આવી હતી. જયારે આ દારૂનો જથ્થો દેવીસિંહ લક્ષ્મણસિંહ સિસોદીયા (રહે. અધવાસ ગામ તા.ગીરવા ઉદેપુર રાજસ્થાન) એ ભરી આપ્યો હતો. જયારે દારૂનો જથ્થો મુકેશ ઠાકોરે મંગાવ્યો હતો. જયારે દારૂ ભરેલી કાર લેવા માટે આગળ મુકેશ ઠાકોર ઉભો હોવાની વાત કરતા પોલીસે નિર્ભયસિંહને સાથે રાખી સાદરા જીઈબી પાસેથી મુકેશ ઠાકોરને પણ દબોચી લીધો હતો. જયારે મુકેશ ઠાકોરે ઈકો ચાલકે રસ્તો જોયો નહી હોવાથી તેને લેવા માટે આવ્યો હોવાની કબુલાત કરી હતી. જયારે પોલીસે દારૂ,મોબાઈલ ઈકો સહિત રૂ.૩.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરની વિવિધ સરકારી કચેરીઓની સ્વચ્છતા વધુ એક વખત ચર્ચામાં આવી છે.

● ગાંધીનગર જિલ્લામાં આજથી જનઔષધિ સપ્તાહની ઉજવણીનો આરંભ થયો છે.

● આગામી ૭મી માર્ચના રોજ જન ઔષધિ દિવસની ઉજવણીના આયોજનની તૈયારીઓ આરોગ્ય વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● ગાંધીનગરના નવા તથા જુના સચિવાલયમાં આયુષ્યમાન ભારત હેલ્થ એકાઉન્ટ કાર્ડ માટેના કેમ્પોનું આયોજન કરવામાં આવ્યુ છે.

● દહેગામના ઝાક ગામે ગાડી અને બાઈક વચ્ચે થયેલા અકસ્માતમાં ૩ વ્યક્તીઓને ઈજા પહોંચી છે.

● દહેગામના વાસણાસોગઠી ગામના આશાસ્પદ યુવકનું અકસ્માત બાદ સારવાર દરમ્યાન મોત નીપજ્યુ છે.

● કુડાસણમાંથી ગઠિયો બુલેટ ચોરી રફુચક્કર થયાની ઘટના નોંધાઈ છે.

● દહેગામમાં દૂધ લેવા ગયેલ દંપત્તિ પર ગાયે હુમલો કર્યાની ઘટના નોંધાઈ છે.

● માણસાના વરસોડા ગામના યુવક પર સામાન્ય બાબતે ચાર શખ્સોએ હુમલો કર્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે.

● જયપુર, કોટા અને ઈન્દોર જવા નવી ત્રણ ટ્રેઈનો વાયા દહેગામ શરૂ થવાના સમાચારોથી મુસાફરોમાં આનંદની લાગણી પ્રસરી છે.

● જાસપુરમાં આવેલ ઉમિયા ધામ મંદિર બહાર પાર્ક કરેલી બે ગાડીઓના કાચ તોડીને ૯૫ હજારની ચોરી થયાની ફરિયાદ નોંધાઈ છે.

● કલોલમાં સોના-ચાંદીના વેપારીના ઘરે પાર્ક કરેલ ગાડીની ઉઠાંતરી થયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

● ગાંધીનગર શહેરમાં આજથી વાતાવરણમાં પલ્ટો જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગર શહેરમાં પેયજળના પુરવઠાની ફરિયાદો વધવા પામી છે.

● ગાંધીનગર શહેરમાં કરાતા આડેધડ પાર્કિંગને લઈ સર્વિસ રોડ પર વાહનચાલકોને તકલીફો પડી રહી છે.

● ગાંધીનગર જિલ્લામાં ફાર્મર, પ્રોડ્યુલરસ ઓર્ગેનાઈઝેશનની આજે પ્રથમ બેઠક જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે યોજાઈ હતી.

# શ્રી ગાયત્રી વિદ્યામંદિરલીહોડાના નવમા ધોરણના વિદ્યાર્થીઓએ સાયન્સ સિટીની મુલાકાત લીધી





ગાંધીનગર,તા.૦૧

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી તથા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર - નિસર્ગ સાયન્સ સેન્ટર ગાંધીનગર ના સહયોગથી શ્રી ગાયત્રી વિધામંદિર લીહોડાના ધોરણ-૯ ના વિધાર્થીઓની સાયન્સ સિટી, અમદાવાદ ખાતે નિ:શુલ્ક મુલાકત ગોઠવવામાં આવી હતી.જેમા વિધાર્થીઓએ રોબોટિક ગેલેરી, ફીશ એક્વેરિયમ, સ્પેસ એન્ડ સાયન્સ ગેલેરી, થ્રી. ડી. ફિલ્મ તેમજ નેચર પાર્કની મુલાકાત લઈ વિજ્ઞાન વિષયના વિવિધ પ્રયોગો, મોડેલ અને સંકલ્પનાઓ વિશે રસપ્રદ માહિતી મેળવી વિજ્ઞાન દિવસની ઉજવણી કરી હતી.



ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી તથા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર - નિસર્ગ સાયન્સ સેન્ટર ગાંધીનગર ના સહયોગથી ગાયત્રી વિધામંદિર લીહોડાના ધોરણ-૯ ના વિધાર્થીઓની સાયન્સ સિટી, અમદાવાદ ખાતે નિ:શુલ્ક મુલાકત ગોઠવવામાં આવી હતી.જેમા વિધાર્થીઓએ રોબોટિક ગેલેરી, ફીશ એક્વેરિયમ, સ્પેસ એન્ડ સાયન્સ ગેલેરી, થ્રી. ડી. ફિલ્મ તેમજ નેચર પાર્કની મુલાકાત લઈ વિજ્ઞાન વિષયના વિવિધ પ્રયોગો, મોડેલ અને સંકલ્પનાઓ વિશે રસપ્રદ માહિતી મેળવી વિજ્ઞાન દિવસની ઉજવણી કરી હતી.

# ચિલોડા પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા



ચિલોડા, તા. ૧

ભારતની વૈજ્ઞાનિક વિભૂતિઓમાં ડૉ. ચંન્દ્રશેખર વેંકટ રામનનું વિશિષ્ટ સ્થાન છે. વિશ્વના સર્વોચ્ચ સન્માન નોબેલ પુરસ્કારથી ૧૯૩૦માં વિભૂષિત કર્યા હતા. તેમની સ્મૃતિમાં સમગ્ર રાષ્ટ્રમાં ૨૮મી ફેબ્રુઆરી દિવસ વિજ્ઞાન દિન તરીકે ઓળખાય છે. તેમની શોધોમાં સૌથી મહત્વની શોધ 'રામન કિરણની શોધ સને ૧૯૨૮માં ૨૮મી ફેબ્રુઆરીએ પૂર્ણ કરી. રામનને નોબેલ પુરસ્કાર અને ડૉક્ટરેટની માનદ પદવીથી સન્માનિત કર્યા. વિજ્ઞાનની નવી ક્ષિતિજો તરફ ઉડ્ડયન કરે તેવી પ્રેરણા રાષ્ટ્રી વિજ્ઞાન દિને ભારતીયો પ્રો. રામનના જીવનમાંથી પ્રેરણા લઈએ.

આ પ્રસંગે ચિલોડા પ્રાથમિક શાળા ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી પ્રસંગે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના પી.એલ.વી. નટુભાઈ પટેલે ડિઝાસ્ટર વિકટિમ વિશે કુદરતી આપત્તિના કારણો, પ્રકારો, સાવચેતીના પગલાં વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં સી.વી. રામન વિશે મંતવ્યો, અંધશ્રદ્ધા નિર્મુલન કાર્યક્રમ વગેરે રજૂ કરી રાષ્ટ્રીય દિવસની ઉજવણી કરી હતી. અંતમાં ભાગ લેનાર સ્પર્ધકોને પેન ભેટ આપી પ્રોત્સાહન આપ્યું હતું.

# સાબરમતી યુનિવર્સિટીમાં સાયન્સ ડેની રંગારંગ ઉજવણી





ગાંધીનગર

૨૮ ફેબ્રુઆરીના રોજ ડૉ.સી.વી.રમનની યાદમાં નેશનલ સાયન્સ ડેની ખાસ ઉજવણી કરવામાં આવે છે જેને અંતર્ગત ગાંધીનગર સ્થિત સાબરમતી યુનિવર્સિટીમાં સાયન્સ ડેની ખાસ રંગારંગ ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે ગ્લોબલ સાયન્સ ફોર ગ્લોબલ વેલબિઈંગ ની થીમ હેઠળ સાયન્સ ડેની ઉજવણી કરવામાં આવી રહી છે. સાબરમતી યુનિવર્સિટીમાં યોજાયેલા કાર્યક્રમ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિજ્ઞાનને લગતી ક્વિઝ કોમ્પિટિશન, ડિબેટ કોમ્પિટિશન, વિજ્ઞાન વિષય પર વક્તવ્ય તેમજ વિદ્યાર્થીઓ દ્વારા વિજ્ઞાનને લગતા વિવિધ મોડલ્સ પણ બનાવવામાં આવ્યા હતા. કાય ક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી અને ત્યારબાદ ડૉ.સી.વી.રમન પર બનાવવામાં આવેલી ખાસ ડોક્યુમેન્ટરી પણ વિદ્યાર્થીઓને દેખાડવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. એક વિદ્યાર્થી દ્વારા ખાસ ડૉ.સી.વી.રમન ની રંગોળી પણ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થીઓને ખાસ પુરસ્કાર પણ આપવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીના સાયન્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓ તેમજ પ્રોફેસર દ્વારા મળીને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુનિવર્સિટીના ડીન-એકેડેમિક્સ ડૉ. પરશુરામ ધાકડ દ્વારા વિજ્ઞાન દિવસનું મહત્વ અને વિદ્યાર્થીઓ કેવી રીતે વિજ્ઞાન વિષયને સમજીને તેમાં આગળ વધે તેના વિશે વાત કરવામાં આવી હતી.

**'અર્બન હોર્ટી કલ્ચર ડેવલોપમેન્ટ યોજના'**

# ૩૪૩ નાગરિકોએ કિચન ગાર્ડન, ટેરેસ ગાર્ડનની માહિતી મેળવી

ગાંધીનગર,તા.૦૧

બાગાયત ખાતા ગુજરાત રાજય ગાંધીનગર હસ્તકની નાયબ બાગાયત નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા તા.૨૪મી ફેબ્રુઆરીના રોજ ઉમિયા મંદિર સેક્ટર- ૧૨,ગાંધીનગર ખાતે 'અર્બન હોર્ટી કલ્ચર ડેવલોપમેન્ટ યોજના' અંગેની એક દિવસીએ તાલીમ યોજવામાં આવી હતી. જેમાં ગાંધીનગર શહેરી વિસ્તારના ૩૪૩ જેટલા નાગરિકોએ ભાગ લઈ કિચન ગાર્ડન, ટેરેસ ગાર્ડન, મેડિશનલ ગાર્ડન મહિલા સ્ટાઈપેન્ડ અંગેની યોજના વગેરે જેવા વિષયોને લગતી માહિતી મેળવી હતી.તથા તાલિમાર્થીઓ દ્વારા ખૂબ ઉત્સાહભેર કિચન



ગાર્ડન ને લગતા તેઓને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ મેળવી વધુમાં હવે પછી પણ આગામી સમયમાં આવી તાલીમનું આયોજન હાથ ધરાય તેવું સૂચન સર્વ તાલીમાર્થી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ વિશે વધુ માહિતી માટે નાયબ નિયામકશ્રીની કચેરી, સહયોગ સંકુલ, પાંચમો માળ સી-બ્લોક, સેક્ટર-૧૧,ગાંધીનગર ફોન નંબર-૦૭૯૨૩૨૫૭૭૬૦ તથા ઈ-દ્વટ્ટૈૈદ્ઘ :દ્બઅદ્ઘૈ-઼િહ્વટ્ઠઋ-ઋહજિઋદ્વર્દ્દિ.ઋર્દ્દૈ.હ પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું હતું.

LED TV
રીપેરીંગ
ગાંધીનગર માટે આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેકટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧૯૮૩૬૬
નોંધ : સૌરાષ્ટ્રના માવાના પેંડા મળશે